# BUSINESS મિત્ર

### ટ્રમ્પના એક નિર્ણાયક નિવેદનથી વૈશ્વિક બજારો ધ્રુજ્યા; સેન્સેક્સના તમામ 30 શેરો લાલ નિશાનમાં

# ટ્રમ્પે યુદ્ધ વિરામનો અંત લાવતા સેન્સેક્સ 1700 પોઈન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 8

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ વિરામનો અંત લાવવાની જાહેરાત કરતાની સાથે જ વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં કોહરામ મચી જવા પામ્યો છે. જેમાં સેન્સેક્સ 1700 પોઈન્ટ તૂટયો હતો, જ્યારે નિફ્ટી 24800 પોઈન્ટની નજીક પહોંચી ગઈ છે. સેન્સેક્સમાં સમાવિષ્ટ 30 શેરોમાંથી એક પણ શેર પોઝિટિવ નહતો, તમામ શેરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. ચારેકોર વેચવાલીના પગલે શેરબજારમાં રોકાણકારોના રૂ. 8 લાખ કરોડથી વધુ ડુબી ગયા હતા.

સેકટર વાઈઝ જોઈએ તો તમામ સેકટરો લાલ નિશાનમાં રહ્યા હતા. સૌથી વધુ બેન્ક અને એફએમસીજી સેકટરમાં દબાણ રહ્યું હતું. પીએસયુ અને પ્રાઈવેટ બેન્કોમાં પણ અઢી ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ અહેવાલના પગલે ક્રુડ ઓઈલમાં છ ટકાનો ઉછાળો આવતા ઓટો શેરોમાં પણ વેચવાલી રહી હતી. એવીએશન સેકટર ફરીથી આફતમાં જોવાયું હતું. એકંદરે રોકાણકારોને રૂ. 8 લાખ કરોડનું નુકશાન થયું હતું. બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 479 લાખ કરોડથી ઘટીને 471 લાખ કરોડ થઈ ગઈ છે.

બીએસઈ સેન્સેક્સ 1677.12 પોઈન્ટ એટલે કે 2.15 ટકા તૂટીને 76503.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77851 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76259 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 516.65 પોઈન્ટ એટલે કે 2.12 ટકા તૂટીને 23882.05 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24300 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23805 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1458.10 પોઈન્ટ એટલે કે 2.51 ટકા તૂટીને 56742.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે હોમ ફર્સ્ટ ફાઈમાં 38.68 ગણા, બાલકૃષ્ણ ઈન્ડ.માં 15.27 ગણા, ટીમકેન ઈન્ડિયામાં 6.34 ગણા, બિકાજી ફુડસમાં 4.73 ગણા અને લોઢા ડેવલપર્સમાં 4.6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કલ્યાણ જવેલર્સમાં 6.04 ગણા, ફીઝીકસવાલામાં 5.88 ગમા, અનંતરાજમાં 5.21 ગણા, બેયર ક્રોપસાયન્સીસમાં 4.28 ગણા અને બાલકૃષ્ણ ઈન્ડ.માં 3.93 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.74 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 2 ટકા તૂટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી પડી ગઈ હતી. બીએસઈ ખાતે 1093 શેરો વધ્યા હતા, જ્યારે 3186 શેરો ઘટયા હતા અને 184 શેરોમાં કોઈ ફેરફાર થયો નહતો.

ટ્રમ્પની ઈરાન સાથેના યુદ્ધ વિરામને પુર્ણ કરી દેતાં ક્રુડના ભાવમાં 6 ટકાનો ઉછાળો આવ્યો હતો. બ્રેન્ટ ક્રુડ 78.79 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયો હતો.

નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 2.72 ટકા ઘટ્યો હતો. જે છેલ્લા પાંચ ટ્રેડિંગ સેશનમાં 6 ટકા જેટલો તૂટયો હતો. આજે બેન્ક ઓફ ઈન્ડિયા, યુનિયન બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, કેનેરા બેન્ક, બેન્ક ઓફ બરોડા, પંજાબ એન્ડ સિંધ બેન્ક, પીએનબી, સેન્ટ્રલ બેન્ક, એસબીઆઈ અને ઈન્ડિયન બેન્ક તૂટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 700 પોઈન્ટથી વધુ તુટતા આજે અમેરિકન બજારો પણ ગેપડાઉન ઓપનીંગ કરે તેવા સંકેત આપી રહ્યા છે. આ યુદ્ધ વિરામને પુર્ણ કરી દેવાના ટ્રમ્પના અહેવાલથી ક્રુડ ઓઈલના ભાવમાં ઝડપી ઉછાળો આવ્યો હતો, તેમજ વૈશ્વિક બજારોમાં પણ વેચવાલી હાવી રહી હતી. આજે એશિયન બજારો, યુરોપિયન બજારોમાં વેચવાલી હાવી રહી હતી. આ ઉપરાંત, રોકાણકારો ફેડરલ રિઝર્વની જુન મીટીંગની મીનીટસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 131 ટકા, કેક 2.02 ટકા અને ડેક્સ 1.99 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારમાં નીક્કી 1.47 ટકા, કોસ્પી 5.65 ટકા, જકાર્તા 1.93 ટકા અને શાંઘાઈ 0.49 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.51 ટકા, હેંગસેંગ 2.65 ટકા અને તાઈવાન 0.56 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો ફરીથી 52 પૈસા તૂટીને 95ને પાર

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.48 રૂ. |
| યુરો | 108.59 રૂ. |
| પાઉન્ડ | 127.41 રૂ. |
| યેન | 0.5880 રૂ. |

અમદાવાદ, તા. 8: મિડલ ઈસ્ટમાં તણાવ વધતાં વૈશ્વિક બજારોમાં ભારે હલચલ મચી ગઈ છે. ઈરાન દ્વારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ત્રણ જહાજો પર હુમલો કરાયા બાદ અમેરિકાએ ઈરાન પર જવાબી સૈન્ય હુમલા કર્યા છે, જેના કારણે બુધવારે ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે 52 પૈસા તૂટીને 95.48 ના રેકોર્ડ નીચલા સ્તરે બંધ થયો હતો. મંગળવારે રૂપિયો 94.96 પર બંધ રહ્યો હતો, જે બુધવારે સવારે નબળી શરૂઆત સાથે 95.15 પર ખૂલ્યો અને દિવસ દરમિયાન 95.61ની સપાટી સુધી ગગડી ગયો હતો. અમેરિકી સૈન્ય કાર્યવાહી અને ઈરાન દ્વારા બહેરીન તથા કુવૈત પર કરાયેલા વળતા હુમલાના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો ભડકે બળી છે. બ્રેન્ટ ક્રૂડ 6.16 ટકા ઉછળીને 78.73 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. આ યુદ્ધની સ્થિતિ વચ્ચે સેફ-હેવન ગણાતો ડોલર મજબૂત થયો છે. બીજી તરફ, ભારતીય શેરબજારમાં જોવા મળેલી નબળાઈ અને વિદેશી રોકાણકારોની વેચવાલીએ રૂપિયા પર દબાણ બમણું કરી દીધું છે, જેના કારણે સ્થાનિક ચલણમાં આ મોટો કડાકો જોવા મળ્યો છે.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -1677.12 | 76503.60 |
| નિફ્ટી | -516.65 | 23882.05 |
| બેન્ક નિફ્ટી | -1458.10 | 56742.60 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 1.15 | 247.00 |
| બજાજ ઓટો | 0.54 | 10164.00 |
| હિન્દાલ્કો | 0.22 | 971.65 |
| કોલ ઇન્ડિયા | 0.02 | 429.05 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જિયો ફાઇ. | 5.38 | 229.99 |
| ઇન્ટરગ્લોબ | 5.02 | 5124.00 |
| શ્રીરામ ફાઇ. | 4.91 | 1014.40 |
| મારૂતિ સુઝુકી | 4.04 | 13951.00 |
| એચયુએલ | 3.30 | 2135.80 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન ટુબ્રો | 1.64 | 3600.35 |
| તાતા મોટર્સ | 1.26 | 987.10 |
| મારૂતિ સુઝુકી | 1.14 | 12848.15 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.93 | 2833.80 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.92 | 10930.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 5.02 | 5125.55 |
| મારૂતિ સુઝુકી | 4.11 | 13943.90 |
| એચયુએલ | 3.36 | 2135.85 |
| બજાજ ફાઇ. | 3.08 | 1010.10 |
| કોટક બેન્ક | 2.93 | 370.50 |

# શેરબજારમાં કોહરામ વચ્ચે છ કંપનીના શેરો બાવન વીકની ઉંચાઈએ

**ગુજરાતની** ત્રણ સહિત છ કંપનીઓએ એક મહિનામાં 23 ટકા સુધીનું વળતર આપ્યું

મુંબઈ, તા. 8: ભારતીય શેરબજારમાં ગેપડાઉન ઓપનીંગ બાદ ડોનાલ્ડ ટ્રમ્પના નાટો સંમેલનના નિવેદનથી ભૂકંપ આવ્યો હતો અને સેન્સેક્સ 1700 પોઈન્ટ જેટલો તૂટયો હતો. આમ છતાં, ભારતીય શેરબજારમાં છ કંપનીના શેરોએ બાવન વીકની ઉંચાઈ બનાવી હતી. જેમાં નાયકા, લુપીન, અદાણી એનર્જી, ટોરેન્ટ ફાર્મા, સન ફાર્મા અને ઝાયડસ લાઈફ સાયન્સીસનો સમાવેશ થાય છે. આમ, આ છ કંપનીઓમાં ત્રણ ગુજરાતની કંપની છે. આ તમામ કંપનીઓએ છેલ્લા એક મહિનામાં 5 ટકાથી 23 ટકા સુધીનું વળતર આપ્યું છે. શેરના ભાવમાં ઉછાળો દર્શાવે છે કે આ કંપનીઓમાં રોકાણકારોનો વિશ્વાસ અતૂટ છે.

આ છ કંપનીઓમાં નાયકાએ આજરોજ રૂ. 325.50ની નવી બાવન વીકની ઉંચાઈ બનાવી હતી. જેમાં છેલ્લા એક મહિનામાં 23 ટકાનો વધારો થયો છે. તેવી જ રીતે ટોરેન્ટ ફાર્માએ રૂ. 4948.95ની નવી બાવન વીકની ઉંચાઈ બાવી હતી. જે એક મહિનામાં 11 ટકા વધ્યો છે. લુપીનએ રૂ. 2526ની નવી બાવન વીકની ઉંચાઈ બનાવી છે. જે એક મહિનામાં 8 ટકા વધ્યો છે, અદાણી એનર્જી સોલ્યુશન્સ રૂ. 1711.70ની નવી ઉંચી સપાટી બનાવી હતી, જે એક મહિનામાં 8 ટકા વધ્યો છે. સન ફાર્માએ રૂ. 1929ની નવી ઉંચાઈ બનાવી હતી, જે એક મહિનામાં 6 ટકા અને ઝાયડસ લાઈફ સાયન્સીસ 5 ટકા વધ્યો છે અને તેને રૂ. 1181ની નવી ઉંચાઈ બનાવી હતી.

# NBFC ગોલ્ડ લોનમાં 70%નો બમ્પર ઉછાળો!

**છેલ્લા** એક વર્ષમાં ગોલ્ડ લોન 1.94 લાખ કરોડથી વધીને રૂ. 3.29 લાખ કરોડ પર પહોંચી

નવી દિલ્હી, તા. 8: તાત્કાલિક અને ઝડપી લોન મેળવવા માટે લોકો ગોલ્ડ લોન તરફ આકર્ષિત થયા છે, બીજું છેલ્લા એક વર્ષમાં સોનાના ભાવમાં ઉછાળો આવ્યો હોવાથી લોકોને જરૂરિયાત મુજબની નાણાકીય જરૂરિયાત માટે ગોલ્ડ લોન સરળ અને ઝડપી માર્ગ બની ગયો છે. આરબીઆઈના આંકડા અનુસાર એનબીએફસી દ્વારા આપવામાં આવતી ગોલ્ડ લોનમાં વૃદ્ધિ જોવા મળી છે. જે છેલ્લા એક વર્ષમાં 70 ટકા વધીને રૂ. 3.29 લાખ કરોડ પર પહોંચી ગઈ છે. જે ગત વર્ષના સમાન ગાળામાં રૂ. 1.94 લાખ કરોડ હતી. આમ, એનબીએફસીના તમામ ધિરાણ સેગમેન્ટમાં આ સૌથી ઝડપી વૃદ્ધિ પામતું સેગમેન્ટ બની ગયું છે.

હાલમાં ગોલ્ડ લોન એનબીએફસી સેકટરના વિકાસને ઝડપથી આગળ ધપાવી રહી છે. ઉલ્લેખનીય છે કે, રિટેલ લોન સેગમેન્ટમાં પણ મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી, જ્યાં કુલ રિટેલ ક્રેડિટમાં લગભગ 19.5 ટકાનો વધારો થયો હતો, જે ગોલ્ડ લોન, હાઉસીંગ અને ઓટો લોનના કારણે થયો હતો.

ગોલ્ડ લોનના તીવ્ર ઉછાળા પાછળનું મુખ્ય પરિબળ લોકોની રોકડની તાત્કાલિક જરૂરિયાત અને સોનાના બદલામાં સરળ લોન ઉપલબ્ધ છે. આ સિવાય સોનાના ભાવ વધવાના કારણે ઓછા સોના પર ઉંચી કિંમતની લોન મળતી હોવાથી આ વિકલ્પ વધુ આકર્ષક બન્યો છે.

# ટાટા સ્ટીલનો મેગા પ્લાન: 20,000 કરોડનું મોટું રોકાણ કરશે

**નવા** પ્રોજેક્ટ અને પર્યાવરણને અનુકૂળ ટેક્નોલોજી સહિતના ક્ષેત્રોમાં રોકાણનું આયોજન

**ઉત્પાદન** ક્ષમતા 40 MT કરવાનો મોટો લક્ષ્યાંક

મુંબઈ, તા. 8: દેશની સૌથી મોટી સ્ટીલ કંપની ટાટા સ્ટીલે નાણાકીય વર્ષ 2026-27 (FY27) માટે 20,000 કરોડના જંગી મૂડીખર્ચની જાહેરાત કરીને ઉદ્યોગ જગતમાં ખળભળાટ મચાવ્યો છે. પાછલા વર્ષના 14,559 કરોડની સરખામણીએ આ રોકાણમાં આશરે 38 ટકાનો મોટો વધારો કરવામાં આવ્યો છે. કંપનીના સીઈઓ ટી. વી. નરેન્દ્રન અને સીએફઓ કૌશિક ચેટર્જીના જણાવ્યા મુજબ, આ કુલ મૂડીનો લગભગ 60 ટકા હિસ્સો માત્ર ભારતીય બજારના વિકાસ પાછળ ખર્ચવામાં આવશે, જે દેશની આર્થિક પ્રગતિને નવી ગતિ આપશે.

**ઘરેલું ક્ષમતા વિસ્તરણ અને ગ્રીન ટેક્નોલોજી પર ભાર**

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓટોમોબાઈલ ક્ષેત્રે વધતી માંગને પહોંચી વળવા કંપની પોતાની વૈશ્વિક સ્ટીલ ઉત્પાદન ક્ષમતાને 36 મિલિયન ટનથી વધારીને 50 મિલિયન ટનથી વધુ કરવા માંગે છે. આ લક્ષ્યાંક હેઠળ, ભારતમાં કંપનીની ક્ષમતા 27.35 મિલિયન ટનથી વધારીને 40 મિલિયન ટન કરવામાં આવશે.

# હવે બેંકો SMS એલર્ટના નામે પૈસા વસૂલી શકશે નહીં

**ગ્રાહકોને** મોટી રાહત: રૂ. 500થી નાના વ્યવહારો માટે SMS મોકલવા ફરજિયાત નહીં

**દરેક** મોટી બેંકોને આશરે રૂ. 300 કરોડથી વધુનો ફટકો પડશે

મુંબઈ, તા. 8: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ગ્રાહકોના હિતમાં મોટો નિર્ણય લેતા બેંકો દ્વારા SMS એલર્ટના નામે વસૂલવામાં આવતી ફી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. અત્યાર સુધી બેંકો નિયમોના પાલન, જાગૃતિ કે પ્રમોશનલ મેસેજ માટે દર ત્રણ મહિને ગ્રાહકો પાસેથી રૂ. 15 થી 18 વસૂલતી હતી. આ પ્રતિબંધને કારણે બેંકોને વાર્ષિક અંદાજે રૂ. 300 થી 360 કરોડનું મોટું નુકસાન વેઠવું પડી શકે છે. જોકે, આ નુકસાનની ભરપાઈ કરવા બેંકો છૂપી રીતે મિનિમમ બેલેન્સ પેનલ્ટી અથવા એકાઉન્ટ મેઈન્ટેનન્સ ચાર્જ વધારી શકે છે તેવી આશંકા છે. રાહતની વાત એ છે કે RBIએ રૂ. 500 કે તેથી ઓછા મૂલ્યના નાના વ્યવહારો માટે SMS મોકલવાનું વૈકલ્પિક બનાવ્યું છે. ભારતમાં 60 થી 70 ટકા રિટેલ ટ્રાન્ઝેક્શન 500થી નાના હોવાથી, ટેલિકોમ કંપનીઓનો કોમર્શિયલ SMS ટ્રાફિક 20 ટકા જેટલો ઘટી જશે. આ સ્થિતિમાં બેંકો મોંઘા SMS ખર્ચથી બચવા માટે હવે WhatsApp, Google RCS અને મોબાઈલ એપ પુશ નોટિફિકેશન જેવા સસ્તા ડિજિટલ વિકલ્પો તરફ વળશે. આમ છતાં, HDFC અને ICICI જેવી મોટી બેંકો ફ્રોડ અટકાવવા માટે નાના ટ્રાન્ઝેક્શન પર પણ મેસેજ મોકલવાનું ચાલુ રાખી શકે છે.

| યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | નરેશ / મુકેશ ઘીવાળા | ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪ |
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# સોના-ચાંદી ઈટીએફમાં 3 ટકા સુધીનો ઘટાડો

મુંબઈ, તા. 8: અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ઈરાન સાથેનો કામચલાઉ યુદ્ધ વિરામ સમાપ્ત થઈ ગયો છે, જે વિશ્વના સૌથી મહત્વપુર્ણ ઉર્જા ઉત્પાદક દેશોમાં સંઘર્ષના નવા રાઉન્ડની સંભાવના ઉભી થઈ છે. ફરી એકવાર હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ વધશે, જેના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં ઝડપી ઉછાળો જોવાયો હતો.

બ્રેન્ટ ક્રુડ ફ્યુચર્સ લંડનમાં 6 ટકાથી વધુ ઉછળ્યો હતો, જ્યારે ડબલ્યુટીઆઈ ક્રુડમાં પણ ઉછાળો જોવાયો હતો. નાટોના સંમેલનમાં ટ્રમ્પે નિવેદન આપ્યું હતું કે, તેઓ હવે ઈરાન સાથે વ્યવહાર કરવા માગતા નથી, તેઓ તેમનો સમય બગાડી રહ્યા છે. જેની સીધી અસર ક્રુડ પર જોવા મળી હતી. બીજી તરફ, કિંમતી ધાતુ સોના-ચાંદીમાં કડાકો બોલાયો હતો. ફરીથી તણાવ વધવાના કારણે શેરબજારની સાથે સાથે સોના-ચાંદીના ભાવો તૂટયા હતા. સોના-ચાંદી ઈટીએફ 3 ટકા સુધી ઘટ્યા હતા. ટ્રમ્પના નિવેદન બાદ નવેસરથી હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ શરૂ થઈ શકે છે. જહાજ માલિકો અને સ્થાનિક પ્રોડ્યુસરોનો સામનો કરી રહેલા નિર્ણયોને જટિલ બનાવે છે. કરન્સી બજારમાં ડોલરમાં ફરીથી મજબૂતાઈ જોવા મળી હતી અને ડોલર 95.50ને પાર નીકળી ગયો હતો.

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૭૫૦ |
| તેજાબી સોનું | ૧૪૭૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૩૬૦ |
| દાગીના-બીઆઈએસ હોલમાર્ક | ૧૪૪૮૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૯૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૦૮૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફલાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-૩૦ | ૪૫૫૦ |
| એસ-૩૦ | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૩૫૦ |

**ધરમપુર નગરપાલિકા**
**જાહેર નિવિદા નં.૧૪/૨૦૨૬**
**જાહેર નોટિસ**

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ ની નવી જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં. 6174/2023 માં તા.19.02.2026 ના રોજ આપવામાં આવેલ નિર્દેશો મુજબ, ધરમપુર નગરપાલિકાના તમામ વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો દ્વારા નીચે મુજબથી ૪ પ્રકારે કચરાનું સેગ્રીગેશન કરી કચરો ડોર ટુ ડોર વાહનોમાં આપવાનો રહેશે.

- ભીનો કચરો: રસોડાનો કચરો, ખોરાકનો કચરો, ફળો/શાકભાજી ફૂલોનો કચરો, માંસનો કચરો અને તેના સમાન અન્ય જૈવવિઘટનીય કચરો.
- સૂકો કચરો: ભીના કચરા સિવાયનો કચરો, ખાસ સંભાળનો કચરો અને તેમાં રિસાયકલ કરી શકાય તેવો કચરો (કાગળ, પ્લાસ્ટિક, કાચ, ધાતુ વગેરે) અને રિસાયકલ ના કરી શકાય તેવો કચરો.
- સેનિટરી કચરો: વપરાયેલા ડાયપર, સેનિટરી નેપકિન્સ, ટેમ્પન, કોન્ડમ, પેશાબ શોષક ચાદર/શીટ્સ (સુરક્ષિત રીતે પેક કરીને) અને તેના સમાન કોઈપણ કચરો.
- વિશેષ કાળજીનો કચરો: વપરાયેલ પેઈન્ટના ડબ્બા/ડ્રમ, જંતુનાશક કેન/કન્ટેનર/ બોટલ, તૂટેલા પારા થર્મોમીટર અને નકામાં CFL બલ્બ/લેમ્પ/ટ્યુબલાઈટ, બેટરી, દવાઓ, વપરાયેલી સોય અને સિરીંજ વગેરે.

કચરો શેરીઓમાં, ખુલ્લી જગ્યાઓમાં, ગટરમાં કે જળાશયોમાં ફેંકવો, બાળવો અથવા દાટવો એ કાનૂની ગુનો છે. આ નિયમો હેઠળ ધરમપુર નગરપાલિકાના તમામ વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો વગેરેનો સમાવેશ થાય છે.

જો એકમ દ્વારા ઉપરોક્ત મુજબથી ૪ પ્રકારે કચરો અલગ અલગ આપવામાં નહિ આવે અને કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવશે અથવા નિયમોનું ઉલ્લંઘન કરતાં માલૂમ પડશે તો નામદાર સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના ગણી સોલિડ વેસ્ટ રૂલ્સ- 2026ની જોગવાઈઓ અને લાગુ પડતાં અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

ધરમપુર શહેરને સ્વચ્છ અને પર્યાવરણલક્ષી બનાવવાના આ અભિયાનમાં આપનો સાથ-સહકાર આવશ્યક છે.

ચીફ ઓફિસર, ધરમપુર નગરપાલિકા — પ્રમુખ, ધરમપુર નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૨૩૩/૨૦૨૬

**Federal Bank**

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.
ઈમેલ : ahdlcrd@federalbank.co.in, ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલ: ૯૪૨૭૮૫૮૯૯૭

**જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં

આથી જાહેર જતનાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોઓએ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો **ફેડરલ બેંક લિમીટેડ** (સિક્યોર્ડ ક્રેડીટર) પાસે ગીરો / ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમીટેડ (સિક્યોર્ડ ક્રેડીટર)** ની બાકી લ્હેંણી રકમ ની વસુલાત માટે **"જેમ છે ત્યાં" "જેમ છે તેમ" "જે ત્યાં છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમીટેડ (સિક્યોર્ડ બેંક લિમીટેડ) ની વેચાણની વિગત નીચે મુજબ છે.

| નં. | ઉધારકર્તાનું નામ અને સરનામું | બાકી લ્હેંણી રકમ | અનામત કિંમત અને ઈએમડી | હરાજીની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | (૧). શ્રી વિકાસ નેમચંદ મુંધરા S/o નેમચંદ મુંધરા, (૨). શ્રી પ્રકાશ નેમચંદ મુંધરા S/o નેમચંદ મુંધરા, (૩). શ્રીમતી અંકિતા પ્રકાશ મુંધરા W/o પ્રકાશ નેમચંદ મુંધરા, (૪). શ્રીમતી ગાયત્રી વિકાસ મુંધરા W/o નેમચંદ મુંધરા, બધાનું સરનામું : ડી-૮૦૨, સોનલ રેસીડેન્સી, રેશમા રો હાઉસની સામે, પર્વત પાટીયા, સુરત, ગુજરાત - ૩૯૫૦૧૦. | પ્રોપ્ટી પાવર એકાઉન્ટ નં. ૧૩૪૩૭૬૦૦૦૦૧૯૦૨ ની બાકી રકમ **રૂા. ૧,૨૩,૫૩,૨૧૩.૧૦ (રૂા. એક કરોડ ત્રેવીસ લાખ ત્રેપન હજાર બસ્સો તેર અને દસ પૈસા પુરા)**, તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ સંયુકત રીતે અને અલગ થી બાકી છે. એસેટ ગાર્ડન (પસર્નલ લોન) લોન એકાઉન્ટ નં. ૧૩૪૩૭૬૦૦૦૦૧૯૧૦ ની બાકી રકમ **રૂા. ૧,૨૬,૫૧૯.૦૨ (રૂા. એક લાખ છવ્વીસ હજાર પાંચસો ઓગણીસ અને બે પૈસા પુરા)**, તા. ૨૯/૦૭/૨૦૨૬ ના સુધી | રૂા. ૮૧,૦૦,૦૦૦/- (રૂા. એકયાસી લાખ પુરા) ------------- રૂા. ૮,૧૦,૦૦૦/- (રૂા. આઠ લાખ દસ હજાર પુરા) | ૨૯/૦૭/૨૦૨૬ ----------- પ્રત્યક્ષ કબજો |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીન (પ્લોટ નં. ૧૩૪), કોમર્શિયલ બિલ્ડીંગ, ઓફિસ નં. એફ/૮, પહેલો માળ (સાઈટ મુજબ) અને ઓફિસ નં. ૩૦૮, ત્રીજો માળ (પ્લાન મુજબ), સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૧૦૦ સ્કે. ફીટ., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૪૮.૩૬ સ્કે.મી., કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૧૫૫૦ સ્કે. ફીટ. (અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીન સાથેનું ક્ષેત્રફળ ૧૪૪.૦૦ સ્કે.મી.), સંયુકત રેવન્યુ સર્વે નં. ૯૮/૪, બ્લોક નં. ૨૧૪, ટીપીએસ નં. ૧૩, ફાઈનલ પ્લોટ નં. ૧૩૪, ઓફીરા બિઝનેશ હબ (વીઆઈપી પ્લાઝાની પાછળ, ભગવાન મહાવીર કોલેજની પાસે, વીઆઈપી રોડ, મોજે - ભરથાણા, વેસુ, સુરત, ગુજરાત), ભરથાણા - વેસુ ગામ, તાલુકો - મંજુરા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - મંજુરા (ચોર્યાસી). **ચતુઃસીમા :- પૂર્વે :** જગ્યા અને લીફટ, **પશ્ચિમે :** ઓફિસ નં. એફ-૪ અને એફ-૯, **ઉત્તરે :** બિલ્ડીંગની ખુલ્લી જગ્યા, **દક્ષિણે :** બિલ્ડીંગની ખુલ્લી જગ્યા. | | | |
| ૨. | (૧). શ્રી બસંતકુમાર સેઠી @ બસંત ભગવાન સેઠી, (૨). શ્રી હેમંત ભગવાનભાઈ સેઠી S/o ભગવાનભાઈ સેઠી, (૩). શ્રીમતી શિવાની સેઠી W/o બસંતકુમાર સેઠી @ બસંત ભગવાન સેઠી, બધાનું સરનામું : ૮૦ એ/બી, લક્ષ્મીનારાયણ સોસાયટી, ગોડાદરા, સુરત, ગુજરાત - ૩૯૫૦૧૦ | લોન એકાઉન્ટ નં. ૧૭૯૮૭૩૦૦૦૦૧૨૭૭ ની બાકી રકમ **રૂા. ૧૬,૭૩,૮૮૩.૩૬ (રૂા. સોળ લાખ તોતેર હજાર આઠસો ત્યાસી અને છત્રીસ પૈસા પુરા)**, તા. ૨૯/૦૭/૨૦૨૬ ના સુધી | રૂા. ૧૦,૦૦,૦૦૦/- (રૂા. દસ લાખ પુરા) ------------- રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ પુરા) | હરાજીની તારીખ: ૨૯/૦૭/૨૦૨૬ ----------- પ્રત્યક્ષ કબજો |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીનનો પ્લોટ નં. ૧૨૨, જેનું ક્ષેત્રફળ ૬૦.૨૨ સ્કે.મી., સિલીકોન રેસીડેન્સી, જે સ્થિત આર.એસ. નં. ૭૭/૨, બ્લોક નં. ૧૧૧/બી, ગામ - જોળવા, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** સોસાયટી રોડ, **પશ્ચિમે :** ખુલ્લો પ્લોટ, **ઉત્તરે :** બાઉન્ડ્રીની દિવાલ, **દક્ષિણે :** પ્લોટ નં. ૧૨૩. | | | |
| ૩. | (૧). શ્રીમતી પાટીલ કરુણા બુધા W/o બુધા દેવસિંગ પાટીલ અને (૨). શ્રી બુધા દેવસિંગ પાટીલ S/o દેવસિંગ પાટીલ, બધાનું સરનામું : નં. ૩૮, કેશવ નગર, દિપક કોર્પોરેશનની સામે, નવગામ, ડીંડોલી, સુરત, સુરત - ૩૯૪૨૧૦ | લોન એકાઉન્ટ નં. ૨૧૯૫૭૩૦૦૦૦૧૬૪૭ ની બાકી રકમ **રૂા. ૧૧,૩૭,૭૪૯.૩૬ (રૂા. અગિયાર લાખ સાડત્રીસ હજાર સાતસો ઓગણપચ્ચાસ અને છત્રીસ પૈસા પુરા)**, તા. ૨૯/૦૭/૨૦૨૬ ના સુધી | રૂા. ૮,૩૦,૦૦૦/- (રૂા. આઠ લાખ ત્રીસ હજાર પુરા) ------------- રૂા. ૮૩,૦૦૦/- (રૂા. ત્યાસી હજાર પુરા) | હરાજીની તારીખ: ૨૯/૦૭/૨૦૨૬ ----------- પ્રત્યક્ષ કબજો |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. ૧૦૪, એરીયાનું ક્ષેત્રફળ ૪૪.૬૫ સ્કે.મી. (કેજેપી મુજબનો દુરસ્તી, બ્લોક નં. ૨૮૩/૧૦૪, એરીયાનું ક્ષેત્રફળ ૪૪.૬૫ સ્કે.મી.), અવિભાજીત હકક સાથેનું ક્ષેત્રફળ ૨૬.૨૫ સ્કે.મી., કોમન રોડ અને સીઓપી સાથે, તમામ સુવિધાઓ સાથે, આરાધના ગ્રીન વેલી, વિભાગ - ૧ ના નામની અને જાણીતું, જે સ્થિત જમીનનો રેવન્યુ બ્લોક નં. ૨૮૩ (જુનો સર્વે નં. ૩૫૯/૨એ), મોજે ગામ - તાંતીથૈયા, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **પશ્ચિમે :** જોડેનો પ્લોટ નં. ૧૧૫, **ઉત્તરે :** જોડેનો પ્લોટ નં. ૧૦૩, **દક્ષિણે :** જોડેનો પ્લોટ નં. ૧૦૫. | | | |
| ૪. | (૧). શ્રી નિકુંજકુમાર જે હુમ્મર S/o જયંતિભાઈ ખીમજીભાઈ હુમ્મર, (૨). શ્રીમતી સેજલબેન નિકુંજભાઈ હુમ્મર W/o નિકુંજકુમાર જે હુમ્મર, બંનેનું સરનામું : બી/૬, સંતોષીનગર સોસાયટી, આંબા તલાવડી રોડ, લલિચા ચોક, કતારગામ, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૪ // પ્લોટ નં. ૬૪, સંસ્કારધામ રેસીડેન્સી, વાલીયા રોડ, કોસંડી, તાલુકો-અંકલેશ્વર, ગુજરાત - ૩૯૩૦૦૨ | હાઉસીંગ એકાઉન્ટ નં. ૨૨૪૬૭૩૦૦૦૦૦૫૯૮ ની બાકી રકમ **રૂા. ૨૯,૮૦,૯૬૦.૧૨ (રૂા. ઓગણત્રીસ લાખ એંસી હજાર નવસો સાહીઠ અને બાર પૈસા પુરા)**, તા. ૨૯/૦૭/૨૦૨૬ ના સુધી | રૂા. ૮,૩૦,૦૦૦/- (રૂા. આઠ લાખ ત્રીસ હજાર પુરા) ------------- રૂા. ૮૩,૦૦૦/- (રૂા. ત્યાસી હજાર પુરા) | હરાજીની તારીખ: ૨૯/૦૭/૨૦૨૬ ----------- પ્રત્યક્ષ કબજો |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૬૪ (કેજેપી મુજબનો બ્લોક નં. ૫૮૫/એ-બી/૬૪), એરીયાનું ક્ષેત્રફળ ૫૫.૨૭ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેનો રોડ અને સીઓપી નું ક્ષેત્રફળ ૨૬.૫૪ સ્કે.મી., તમામ સુવિધાઓ સાથે, સંસ્કારધામ રેસીડેન્સી થી જાણીતું હાઉસીંગ સોસાયટી, જે સ્થિત જમીનનો રેવન્યુ બ્લોક નં. ૫૮૫/એ-બી, મોજે - કોસંડી, તાલુકો - અંકલેશ્વર, જીલ્લો - ભરૂચ, ગુજરાત. **ચતુઃસીમા : પૂર્વે :** પ્લોટ નં. ૫૧, **પશ્ચિમે :** સોસાયટી રોડ, **ઉત્તરે :** પ્લોટ નં. ૬૫, **દક્ષિણે :** પ્લોટ નં. ૬૩. | | | |
| ૫. | (૧). શ્રીમતી લખાણી અલ્પા શરદભાઈ W/o લખાણી શરદભાઈ અરજણભાઈ @ શરદ, (એ). ૩૧, રણછોડનગર સોસાયટી, સીમાડા નાકા, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૬, (બી). ૭, હરેક્રિષ્ના સોસાયટી, ઉદયનગર ની પાસે, વેડ રોડ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૪, (૨). શ્રી લખાણી શરદભાઈ અરજણભાઈ S/o અરજણભાઈ લખાણી, ૩૧, રણછોડનગર સોસાયટી, સીમાડા નાકા, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૬ | હાઉસીંગ એકાઉન્ટ નં. ૨૦૬૨૭૩૦૦૦૦૦૩૪૨ ની બાકી રકમ **રૂા. ૧૬,૮૪,૦૩૨.૭૬ (રૂા. સોળ લાખ ચોર્યાસી હજાર બત્રીસ અને છોતેર પૈસા પુરા)**, તા. ૧૩/૦૮/૨૦૨૬ ના સુધી | રૂા. ૭,૯૦,૦૦૦/- (રૂા. સાત લાખ નેવું હજાર પુરા) ------------- રૂા. ૭૯,૦૦૦/- (રૂા. ઓગણએંસી હજાર પુરા) | હરાજીની તારીખ: ૧૩/૦૮/૨૦૨૬ ----------- પ્રત્યક્ષ કબજો |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૧૦ (કેજેપી મુજબ, બ્લોક નં. ૨૨૪/૧૦), સાઈટ મુજબ નું ક્ષેત્રફળ ૪૦.૧૯ સ્કે.મી. અને એરીયાનું ક્ષેત્રફળ ૪૮.૦૦ સ્કે. યાર્ડ. એટલે કે ૪૦.૧૩ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેનો કોમન રોડ અને સીઓપી સાથે, તમામ સુવિધાઓ સાથે, સનસ્ટાર સીટી રેસીડેન્સી ના નામ થી અને જાણીતું હાઉસીંગ સોસાયટી અને વ્રજ વાટીકા રેસીડેન્સી-૧ તરીકે પણ જાણીતું, જે સ્થિત જમીનનો ન્યુ રેવન્યુ બ્લોક નં. ૨૨૪ (જુનો સર્વે નં. ૨૧૭ પૈકી, બ્લોક નં. ૨૩૧/બી), મોજે ગામ-ડુંગરા, તાલુકો-કામરેજ, જીલ્લો-સુરત. **ચતુઃસીમા :- ઉત્તરે :** પ્લોટ નં. ૧૧, **પૂર્વે :** પ્લોટ નં. ૧૫, **દક્ષિણે :** પ્લોટ નં. ૯, **પશ્ચિમે :** ૯.૦૦ મી. પહોળો રોડ. | | | |
| ૬. | (૧). શ્રી માચી મનોજભાઈ દિનેશભાઈ S/o માચી દિનેશભાઈ અને સહ-અરજદારો : (૨). શ્રીમતી સીતાબેન દિનેશભાઈ માચી ઉર્ફે માચી સીતાબેન દિનેશભાઈ W/o દિનેશભાઈ માચી, (૩). શ્રી માચી દિનેશભાઈ S/o મંગલભાઈ માચીસ, તમામ રહેણાંક ભૈરવનગર, ભેસ્તાન, સુરત, ગુજરાત - ૩૯૫૦૨૩. | FHS લોન નં. ૨૨૪૬૭૩૦૦૦૦૧૪૯૭ ની બાકી રકમ **રૂા. ૧૬,૭૨,૬૧૭/- (રૂા. સોળ લાખ બોત્તેર હજાર છસ્સો સત્તર પુરા)**, તા. ૨૯/૦૭/૨૦૨૬ ના સુધી અને ફેડરલ લોન - એસેટ ગાર્ડ નં. ૨૨૪૬૭૬૦૦૦૦૦૮૦૧ ની બાકી રકમ **રૂા. ૪૨,૯૩૨/- (રૂા. બેત્તાલીસ હજાર નવસો બત્રીસ પુરા)**, તા. ૨૯/૦૭/૨૦૨૬ ના સુધી | રૂા. ૭,૫૫,૦૦૦/- (રૂા. સાત લાખ પંચાવન હજાર પુરા) ------------- રૂા. ૭૫,૫૦૦/- (રૂા. પંચોતેર હજાર પાંચસો પુરા) | હરાજીની તારીખ: ૨૯/૦૭/૨૦૨૬ ----------- પ્રત્યક્ષ કબજો |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. ૭૨, ક્ષેત્રફળ ૬૯ સ્કે. યાર્ડ. અને કેજેપી મુજબનો બ્લોક નં. ૪૪૮, સબ પ્લોટ નં. ૨/૭૨, ક્ષેત્રફળ ૫૭.૫૯ સ્કે.મી., અવિભાજીત હકક સાથેનો રોડ, સીઓપી નું ક્ષેત્રફળ નું ક્ષેત્રફળ ૩૫.૭૫ સ્કે.મી., આરાધના ઓર્ચીડ, જે સ્થિત જમીનનું રીવીઝન બ્લોક નં. ૪૪૮, ક્ષેત્રફળ ૧૮૧૭૮.૦૦ સ્કે.મી., બાંધકામ તમામ સુવિધાઓ સાથે, હલધારુ, ગામ - કામરેજ, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - કામરેજ. **ચતુઃસીમા :- પૂર્વે :** પ્લોટ નં. ૫૭, **પશ્ચિમે :** સોસાયટી રોડ, **ઉત્તરે :** પ્લોટ નં. ૭૧, **દક્ષિણે :** પ્લોટ નં. ૭૩. | | | |
| ૭. | (૧). શ્રી શિવ કુમાર પાલ S/o કુમાર પાલ અને (૨). કુશમા દેવી W/o શીવ કુમાર પાલ, ૪૮, મહાદેવ રેસીડેન્સી, ભારત પેટ્રોલ પંપની સામે, તાંતીથૈયા, સુરત, ગુજરાત - ૩૯૪૩૦૫ | (૧). હાઉસીંગ લોન નં. ૨૨૪૬૭૩૦૦૦૦૧૪૨૨ ની બાકી રકમ **રૂા. ૧૦,૬૬,૬૦૬.૭૧ (રૂા. દસ લાખ છાસઠ હજાર છસ્સો છ અને ઈકોતેર પૈસા પુરા)**, તા. ૧૩/૦૮/૨૦૨૬ ના સુધી અને (૨). ફેડરલ પર્સનલ લોન (એસેટ ગાર્ડ) નં. ૨૨૪૬૭૬૦૦૦૦૦૭૩૬ ની બાકી રકમ **રૂા. ૨૧,૬૮૫/- (રૂા. એકવીસ હજાર છસ્સો પચ્યાસી પુરા)**, તા. ૧૩/૦૮/૨૦૨૬ ના સુધી | રૂા. ૭,૭૫,૦૦૦/- (રૂા. સાત લાખ પંચોતેર હજાર પુરા) ------------- રૂા. ૭૭,૫૦૦/- (રૂા. સિત્યોતેર હજાર પાંચસો પુરા) | હરાજીની તારીખ: ૧૩/૦૮/૨૦૨૬ ----------- પ્રત્યક્ષ કબજો |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૨૧૨ (કેજેપી મુજબનો બ્લોક નં. ૨૫/૨૧૨), ક્ષેત્રફળ ૪૩.૦૦ સ્કે.મી. અને અવિભાજીત હકક સાથેનો રોડ અને સીઓપી નું ક્ષેત્રફળ ૨૩.૧૬ સ્કે.મી., "ગ્રીન પાર્ક - વિભાગ - ૨", જે સ્થિત જમીનનો ન્યુ બ્લોક નં. ૨૫ (જુનો બ્લોક નં. ૨૩, રેવન્યુ સર્વે નં. ૪૯૯, ક્ષેત્રફળ ૨૧૦૫.૦૦ સ્કે.મી.), ન્યુ બ્લોક નં. ૨૬ (જુનો બ્લોક નં. ૨૪, રેવન્યુ સર્વે નં. ૫૦૦/૧ અને ૫૦૦/૨, ક્ષેત્રફળ ૨૭૧૫.૦૦ સ્કે.મી.) અને ન્યુ બ્લોક નં. ૩૦ (જુનો બ્લોક નં. ૨૮, રેવન્યુ સર્વે નં. ૫૦૧ અને ૫૦૨, ક્ષેત્રફળ ૪૩૭૯૦.૦૦ સ્કે.મી.), કુલ ક્ષેત્રફળ ૪૮૬૧૦.૦૦ સ્કે.મી., સંયુકત ન્યુ બ્લોક નં. ૨૫, ગામ - હલધારુ, સબ જીલ્લો અને તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- પૂર્વે :** જોડેનો સોસાયટી રોડ, **પશ્ચિમે :** જોડેનો સીઓપી, **ઉત્તરે :** જોડેનો પ્લોટ નં. ૨૧૧, **દક્ષિણે :** જોડેનો પ્લોટ નં. ૨૧૩. | | | |
| ૮. | (૧). શ્રીમતી સોની દેવી W/o રામબાબુ યાદવ, (૨). શ્રી રામબાબુ યાદવ S/o યોગેન્દ્ર યાદવ, પ્લોટ નં. ૧૬૦, સાંઈ વાટીકા રો હાઉસ, સર્વોત્તમ હોટલની સામે, બગુમરા, પલસાણા ૩૯૪૩૦૧ // વોર્ડ નં. ૭, મણિકપુર વિસ્તાર, બેગુલસરાય, સુરત, બિહાર - ૮૪૮૨૦૪ // પ્લોટ નં. ૨૯૬, વીકે એવન્યુ, રાયણ ઈન્ટરનેશનલ સ્કુલની સામે, કારેલી, બારડોલી રોડ, સુરત - ૩૯૪૬૦૧. | (૧). ફેડરલ હાઉસીંગ લોન એકાઉન્ટ નં. ૧૮૬૬૭૩૦૦૦૦૧૨૩૩ ની બાકી રકમ **રૂા. ૧૯,૭૦,૯૮૩.૯૬ (રૂા. ઓગણીસ લાખ સિત્તેર હજાર નવસો ત્યાસી અને છન્નું પૈસા પૈસા)**, તા. ૧૩.૦૮.૨૦૨૬ ના સુધી અને (૨). ફેડરલ પર્સનલ લોન (એસેટ ગાર્ડ લોન) ની એકાઉન્ટ નં. ૧૮૬૬૭૬૦૦૦૦૧૮૪૨ ની બાકી રકમ **રૂા. ૫૭,૯૦૧/- (રૂા. સત્તાવન લાખ નવસો એક પુરા)**, તા. ૧૩.૦૮.૨૦૨૬ ના સુધી | રૂા. ૧૩,૩૫,૦૦૦/- (રૂા. તેર લાખ પાંત્રીસ હજાર પુરા) ------------- રૂા. ૧,૩૩,૫૦૦/- (રૂા. એક લાખ ત્રેત્રીસ હજાર પાંચસો પુરા) | હરાજીની તારીખ: ૧૩/૦૮/૨૦૨૬ ----------- પ્રત્યક્ષ કબજો |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૨૯૬ (કેજેપી મુજબનો બ્લોક નં. ૨૨૨/૨૯૬), ક્ષેત્રફળ ૫.૪૮ સ્કે.મી. (૭/૧૨ મુજબ, ક્ષેત્રફળ ૬૫.૫૪ સ્કે.મી.) અવિભાજીત હકક સાથેના રોડ અને સીઓપી સાથેનો પ્લોટ નં. ૩૬૨, સી.પી. નં. ૧, ક્ષેત્રફળ ૪.૮૨૩૯ સ્કે.મી., પ્લોટ નં. ૩૬૩, સીપી નં. ૨, ક્ષેત્રફળ ૨.૮૫૩૦ સ્કે.મી., પ્લોટ નં. ૩૬૪, સી. પી. નં. ૩, ક્ષેત્રફળ ૧.૮૮૩૨ સ્કે.મી. અને કોમન હકક સાથેના રોડ અને ખુલ્લી જમીનનો પ્લોટ નં. ૩૬૫, ક્ષેત્રફળ ૨૮.૭૦૦૦ સ્કે.મી., વિકાય એવન્યુ, જે સ્થિત જમીનનો બ્લોક નં. ૨૨૨ (રેવન્યુ સર્વે નં. ૧૯૮), ગામ - કારેલી, સબ જીલ્લો અને તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- પૂર્વે :** જોડેનો પ્લોટ નં. ૨૯૭, **પશ્ચિમે :** જોડેનો પ્લોટ નં. ૨૯૫, **ઉત્તરે :** જોડેનો બ્લોક નં. ૨૨૩, **દક્ષિણે :** જોડેનો ૧૦.૦૦ મી. રોડ. | | | |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને ફેડરલ બેંક લિમીટેડની વેબસાઈટ માં આપેલી લિંકનો સંદર્ભ લો એટલે કે : https://www.federalbank.co.in/web/guest/tender-notices.

ધી ફેડરલ બેંક લિમીટડ વતી,
રીકવરી ડિપાર્ટમેન્ટ અમદાવાદ ડિવિઝન (સરફેસી એકટ હેઠળ અધિકૃત અધિકારી)